આણંદ જીલ્લાની પોલીસ સાફલ્ય ગાથાની અપડેટ માહિતી તા.૦૬/૦૧/૨૦૨૦ થી તા.૧૨/૦૧/૨૦૨૦ સુધીની છે.

તા.૦૬/૦૧/૨૦૨૦ થી તા.૧૨/૦૧/૨૦૨૦	--	

તા.૦૬/૦૧/૨૦૨૦ થી તા.૧૨/૦૧/૨૦૨૦	--	

પ્રેસનોટ

ગુજરાત તથા મહારાષ્ટ્ર રાજયની શૈક્ષણિક સંસ્થાઓના ખોટા પ્રમાણપત્રો બનાવતા ઇસમોને પકડી પાડી લેપટોપ,મોબાઇલો,બાઇક તથા ડુપ્લીકેટ સર્ટીફીકેટ મળી કુલ્લે રૂ,૮૧,૫૦૦/ નો મુદ્દામાલ રીકવર કરતી વિદ્યાનગર પોલીસ

તાજેતરમા અમદાવાદ વિભાગ અમદાવાદ રેન્જના પોલીસ મહાનિરીક્ષક શ્રી એ.કે.જાડેજા સાહેબનાઓએ સુચના આપેલ કે વિદ્યાનગર શિક્ષણ નગરીમા વિદ્યાર્થીઓ પાસેથી રૂપીયા લઇ ડુપ્લીકેટ સર્ટી બનાવી વિદેશ મોકલી આપતા ઇસમો સક્રિય થયેલ હોય જેથી આ બદી નેસ્તનાબુદ કરવાના ઉદ્દેશથી આણંદ જીલ્લામા તેમા પણ વિદ્યાનગર વિસ્તારમા ખાસ આવા ઇસમોને પકડવાની સુચના કરેલ હોય અને સમાજમા આવા દુષણને અટકાવવા માટે કડક આદેશ આપેલ હોય જે અનુસંધાને આણંદ જીલ્લા પોલીસ અધીક્ષક શ્રી મકરંદ ચૌહાણ સાહેબ તથા નાયબ પોલીસ અધીક્ષક શ્રી બી.ડી.જાડેજા સાહેબનાઓએ જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હોય અને આજ રોજ પો.કો ધર્મેન્દ્રસિંહ પરબતસિંહને બાતમી મળેલ કે, વિદ્યાનગર બાકરોલ સ્કવેર આવેલ ઇસ્કોન એજયુકેશનલ કન્સલટન્ટ દ્વારા વિદેશ જવા ઇચ્છતા ગ્રાહકોને બનાવટી માર્કશીટ તથા અન્ય દસ્તાવેજો બનાવી વિદેશના વિઝા મેળવી વિદેશ મોકલી આપે છે. જેથી આ બાબતે ડી.ડી.શિમ્પી પો. ઇન્સ વિદ્યાનગર પો.સ્ટે ને આ બાબતે જાણ કરતા તેઓએ સાયબર એક્ષપર્ટ મનીષકુમાર જીતેન્દ્રભાઇ જૈન સાયબર સીકયુરીટી ઇન્ડીયાનાઓને બોલાવી તેઓને ઉપરોકત બાતમીથી વાકેફ કરી પંચો તથા સાયબર એક્ષપર્ટ તેમજ હેડકો રાકેશકુમાર અમૃતરાવ તથા પો.કો ધર્મેન્દ્રસિંહ પરબતસિંહ તથા પો.કો વિજયસિંહ ભીખુભા એ રીતેના પોલીસના માણસો સાથે ઉપરોકત બાતમીવાળી જગ્યાએ બાકરોલ સ્કવેર ત્રીજામાળે આવેલ ઇસ્કોન એજયુકેશનલ કન્સલટન્ટ ઓફીસમા આવેલ અને ઓફીસમા બે ઇસમો હાજર હોય તેઓનુ નામ ઠામ પૂછતા ધવલકુમાર મહેન્દ્રભાઇ પટેલ રહે. સારસા માયશેરી તા.જી આણંદ બીજા ઇસમે પોતાનુ નામ અમરીશભાઇ જયેશભાઇ પટેલ રહે. સુણાવ વલ્લભ ચોક બહ્મપોળની બાજુમા તા.જી આણંદ નો હોવાનુ જણાવતા હતા. અને તેઓ બન્ને સદર ઓફીસના માલીક તેમજ ભાગીદાર હોવાનુ જણાવતા હતા. અને બાતમી હકીકત અંગે પૂછી તેઓની ઓફીસના ટેબલ ઉપર એક લીનોવા કંપનીનુ કાળા કલરનુ લેપટોપ મૂકેલ હોય જે લેપટોપ ચાલુ હાલતમા હોય પંચો રૂબરૂ સાયબર એક્ષપર્ટ મનીષ જૈન મારફતે સદર લેપટોપમા તપાસ કરતા વિવિધ શૈક્ષણીક સંસ્થા ની સ્કેન કરેલ માર્કશીટોની એડીટ કરી શકાય તથા શૈક્ષણીકી સંસ્થા દસ્તાવેજ બનાવી શકાય તેવુ ફોટો શોપ સોફટવેર મળી આવેલ. તેમજ શૈક્ષણિક સંસ્થાના એડીટ કરેલ સર્ટીફીકેટ હતા. જેથી પંચો રૂબરૂ તેઓના ઓફીસના ટેબલના ડ્રોઅરમા તપાસ કરતા બનાવટી શૈક્ષણીક દસ્તાવેજ તથા બે કવરો લીલા કલરના જેના ઉપર સરનામુ અમરીશ પટેલ ઇસકોન એજયુકેશન કન્સલટન્ટના નામ સરનામા વાળુ કુરીયર નવસારી હીરેન મૈસુરીયા લખેલ છે. તે મળી આવેલ હતા. સદર દસ્તાવેજો કોણે બનાવેલ છે. તે સબંધી પૂછપરછ કરતા બન્ને ઇસમોએ પંચો રૂબરૂ જણાવેલ કે ગુજરાત રાજય સબંધી શૈક્ષણીક સંસ્થાના મૌલીકભાઇ નીલેશભાઇ ઉર્ફે ભીખાભાઇ પટેલ રહે. કણીયા પાસે તેમજ ગુજરાત બહારની સંસ્થા હીરેન મૈસુરીયા રહે નવસારી પાસે બનાવતા હોવાનુ જણાવતા હતા જેથી વધુ પુછપરછ કરતા આ મૌલીક વિદ્યાનગર મહાદેવ એરીયામા સરદાર નગર અમોને મળવા આવવાનો છે જેથી ત્યા વોચમા ગોઠવાઇ ગયેલ અને એક વિકાત બાઇક ઉપર બે ઇસમ આવતા સાથેના આરોપીઓએ ઇશારો કરતા બાઇક ઉભુ રાખી આ બંન્નેનુ નામઠામ પુછતા

વિકાત બાઇક ઉપર બે ઇસમ આવતા સાથેના આરોપીઓએ ઇશારો કરતા બાઇક ઉભુ રાખી આ બંન્નેનુ નામઠામ પુછતા ચલાવનાર મૌલીક હતો તથા પાછળ બેઠેલ ઇસમનુ નામ હીતેશ રમેશભાઇ પટેલ રહે. દુદેલ બહ્મપોળ તા.બોરસદ જી આણંદનો હોવાનુ જણાવતો હતો. અને હીતેશભાઇની પીઠ પાછળ એક સ્કુલ બેગ ભૂરા કલરની હતી. જે સ્કુલ બેગ પંચો રૂબરૂ ખોલી જોતા તેમા શૈક્ષણીક સંસ્થાઓના દસ્તાવેજ હોય જે અંગે હીતેશભાઇને પૂછતા તેઓ સદર શૈક્ષણીક દસ્તાવેજો વડોદરા ખાતે રહેતા હીરેનભાઇ ઉર્ફે સોનુનાઓ બનાવી આપે છે. જેથી ઉપરોકત આરોપીઓએ ભેગા મળી પૂર્વ આયોજીત કાવતરુ રચી ગ્રાહકો પાસેથી એક બનાવટી સર્ટીફીકેટ બનાવવાની ફી. પેટે રૂ ૮૫,૦૦૦/- લઇ ગુજરાત તથા મહારાષ્ટ્ર રાજયની શૈક્ષણિક સંસ્થાઓના ખોટા પ્રમાણપત્રો ઉપયોગ કરવાના ઇરાદે બનાવી ઇલેકટ્રોનીક સિગ્નેચર તથા સિકકા તથા ખોટી સહીઓ સહી કરી લેપટોપમા સોફટવેર દ્વારા વિવિધ સંસ્થાઓના પ્રમાણપત્રો એડીટ કરી ખોટા સર્ટીઓ બનાવેલ તે ખોટા શૈક્ષણિક સંસ્થાઓના સર્ટીઓ તથા લેપટોપ કી.રૂ. ૧૫,૦૦૦/- તેમજ મોટર સાયકલ બજાજ વિકાંતા આશરે કી.રૂ. ૩૫,૦૦૦/- તેમજ આરોપીઓની અંગજડતીમાંથી મળી આવેલ મોબાઇલો નંગ -૫ ની કી.રૂ. ૩૧,૫૦૦/- મળી કુલ્લે રૂ. ૮૧,૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી તથા પાંચમો સહ આરોપી વડોદરા ખાતે રહેતો હીરેનભાઇ ઉર્ફે સોનુ ને પકડવાની તજવીજ ચાલુ હોય તથા આ સિવાય બીજા પણ કેટલા આરોપીઓ સંડોવાયેલ છે તેની તપાસ તજવીજ ચાલુ છે.આમ વિદ્યાનગર પોલીસે વિદ્યાનગર વિસ્તારમા ચાલતુ મોટુ સડયંત્ર પકડી પાડેલ છે. ૦૬/૦૧/૨૦૨૦

તા.૦૬/૦૧/૨૦૨૦ થી તા.૧૨/૦૧/૨૦૨૦	--	

સહી/-
(ડી.આર.પટેલ)
ના.પો.અધિ.મુખ્ય મથક અને
ઇ-ગુજકોપ નોડલ અધિકારી
આણંદ.

પ્રતિ,

ડાયરેકટર શ્રી, (ઇ-ગવર્નન્સ), ગુજરાત ઇન્ફોર્મેટીકસ લી.,
બ્લોક નં.-૧, આઠમો માળ, ઉધ્યોગ ભવન, સેકટર-૧૧,
ગાંધીનગર. ઇ-મેઇલ - gujinfo.gog@gmail.com

<u>નકલ સવિનય રવાના</u> :-

પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ, અમદાવાદ.